જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૪/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૦૩૦/૧૪**

**બાઈક ઉપર બેસી મોબાઈલ છીનવી ચોરી કરતાં-૨ ઈસમોને ચોરીના મોટર સાયકલ તથા ચોરીના મોબાઈલ ફોન સાથે પકડી વાહનચોરી તથા મોબાઇલ ચોરીના ૩ ગુનાઓનો ભેદ ઉકેલતી ક્રાઈમબ્રાન્ચ**

અમદાવાદ શહેરમાં વાહન ચોરી તથા મોબાઈલ ફોન ચોરીના બનાવો બનતા હોય જેથી આવા ગુન્હાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અન્વયે નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૧૫/૪/૨૦૧૪ નારોજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓ તેઓની ટીમના પો.સ.ઈ.શ્રી વી.એચ.જાડેજા તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન અનુપમ સિનેમા સામેથી સાથેના પો.કો. મહેન્દ્ર વાસુદેવ તથા પો.કો. સિરાજ લીયાકતઅલી નાઓની બાતમી આધારે (૧) સ્ટીફન વેલેનટાઈન હંટર ઉ.વ-૨૦ રહે. મ.નં.બી/૭૬ ન્યુ હિરાબાગ સોસાયટી દરબારનગર સામે સીટીએમ રામોલ અમદાવાદ (૨) રાજુ આશાપ્રસાદ યાદવ ઉ.વ-૧૯ રહે. ૧૬૬, આઝાદનગર સોસાયટી સીટીએમ મીલ પાછળ અમદાવાદ શહેર નાઓ તેઓના કબ્જાની એક ચોરીની હીરો સ્પ્લેન્ડર પ્રો મોટર સાયકલ નં. જી.જે.ડબલ્યુ ૨૭ ઝેડ જી. ૩૦૯ કી રૂ.૪૫૦૦૦/- ની તથા સેમસંગ કંપનીના મોબાઈલ ફોન નંગ-૩ કી રૂ.૩૫૦૦૦/-ના સાથે મળી આવતા જે તમામ કુલ રૂપિયા ૭૦,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ.

સદર પકડાયેલ (૧) સ્ટીફન વેલેનટાઈન હંટર (૨) રાજુ આશાપ્રસાદ યાદવ નાઓની પાસેથી મળી આવેલ બાઈક બાબતે પુછપરછ કરતાં તેઓએ પોતાના એક સગીર વયના સાગરીત સાથે મળી આજથી બેએક મહિના પહેલા સીટીએમ સિંધવાઈ માતાના મંદિરની ગલીમાં આવેલ હાઉસીંગના એક મકાન આગળથી રાત્રીના સમયે ઉપરોક્ત બાઈક ચોરી કરેલ. તેમજ તેઓ પાસેથી મળી આવેલ મોબાઈલ ફોન પૈકી એક મોબાઈલ ફોન ઉપરોક્ત મોટર સાયકલની ચોરી કર્યાના બે ત્રણ દિવસ પછી આ મોટર સાયકલ પર જઈ ઝગડીયા બ્રીજના નીચેના રસ્તે એક બહેનના હાથમાંથી ફોન છીનવી લીધેલ તથા તે પછી ત્રણેક દિવસ પછી ફરીથી આ મોટર સાયકલ ઉપર જઈ જસોદાનગર બ્રીજના છેડે જતા જ્યા એક ભાઈ ચાલતા જતા હતા તેના હાથમાંથી ફોન છીનવી લીધેલ તે પછી ચાર પાંચ દિવસ પછી ફરીથી ઉપરોકત મોટર સાયકલ પર જઈ સેવન્થ ડે સ્કુલ પહેલા રસ્તા ઉપર એક ભાઈ મોબાઈલ ફોન ઉપર વાત કરતા હતા તેના હાથમાંથી ફોન છીનવી લીધેલ હોવાની કબુલાત કરેલ છે.

**<u>આરોપીઓ પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલ બાબતે આરોપી ઓની કબુલાત આધારે તપાસ કરતા નિચે મુજબના ગુન્હાઓ ડીટેકટ થવા પામેલ છે.</u>**

(૧)રામોલ પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં- ૬૪/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯ મુજબ (હીરો સ્પ્લેન્ડર પ્રો મોટર સાયકલ)
(૨)મણીનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં- ૪૧/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯ મુજબ (સેમસંગ કંપનીનો મોબાઈલ ૭૫૬૨ મોડલ)
(૩) જી.આઇ.ડી.સી.(વટવા) પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં- ૧૪/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯(સેમસંગ કંપનીનો મોબાઈલ ૭૫૬૨ મોડલ)

જ્યારે બાકીના એક મોબાઈલ ફોન બાબતે નોંધાયેલ ગુના અંગેની આગળની તપાસ તજવીજ હાલમાં પોસઈશ્રી વી.એચ.જાડેજા નાઓ કરી રહેલ છે.

**<u>પરપ્રાંતિય બે યુવકોને દેશી તમંચો તથા ૩ નંગ જીવતા કારતુસ સાથે ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ</u>**

ભુતકાળમાં બનેલ લુંટ વીથ મર્ડર જેવા ગંભીર પ્રકારના ગુનાઓને આર્મ્સ હથિયારથી આચરવામા આવેલ હોય, તેમજ આગામી લોકસભાની ચુંટણી ને અનુલક્ષીને આ પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા તેમજ ગેરકાયદેસરના આર્મસ હથિયાર તથા આવા હથિયાર રાખનાર ઇસમોને શોધી કાઢવા સારૂ પોલીસ કમિ. શ્રી, અમદાવાદ શહેર તથા ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ તરફથી મળેલ સુચનાઓ આધારે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર. ટંડેલ સા.ની ટીમના એ.એસ.આઈ. આર.આર. ત્રિપાઠી તથા એબ્સ્કોન્ડર સ્ક્વોર્ડના પોલીસ કર્મચારીઓ તા.૧૫/૪/૨૦૧૪ નારોજ પેટ્રોલીંગમા હતા દરમ્યાન ઇસનપુર, મિલ્લતનગર ઢાળ પાસે આવેલ હોટલ આશિષ આગળ બે ઇસમો (૧) રીઝવાન ઉર્ફે ભુરા સ/ઓ નિશારઅહેમદ કુરેશી ઉ.વ.-૨૨ રહે. હાસીમભાઈ (મામા) ના મકાનમા, મજાર દરગાહની સામે, એસ.પી. ઓફિસ પાછળ, ગરીબનગરના છાપરા, બાપુનગર, અ'વાદ. મુળ વતન મ.નં.-૧૭૬, નઈ બસ્તી મદીના મ્સ્જીદ ની સામે, ગામ અજીતપુર, રામપુર રેલ્વે સ્ટેશનની નજીક, જિ.રામપુર, ઉ.પ્ર. (૨) મોહંમદસજ્જાદ ઉર્ફે સજ્જાદ સ/ઓ અબ્દુલસત્તાર તુર્ક ઉ.વ.-૧૯ રહે. લલ્લાભાઈના કારખાનામા, મિલ્લતનગર ઢાળ પાસે, ઇસનપુર, અમદાવાદ મુળ વતન મ.નં.-૭૦૩, નઈ બસ્તી મદીના મ્સ્જીદ ની સામે, ગામ અજીતપુર, રામપુર રેલ્વે સ્ટેશનની નજીક, જિ.રામપુર, ઉ.પ્ર. નાઓ એક દેશી તમંચા તથા જીવતા કારતુસ નંગ-૩ સાથે કુલ કિ.રૂ.૨,૬૫૦/- ના મુદ્દામાલ સાથે પાસ પરવાના વગર મળી આવતા તેઓની વિરુદ્ધમા કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.